# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06/06/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, વૈશ્વિક આર્થિક કટોકટી છતાં દેશ 7.7 ટકાના વિકાસ દરે પ્રગતિ કરી રહ્યો છે.**
2. **અમદાવાદમાં ફાયર સેફ્ટી નિરીક્ષણ દરમિયાન 37 હોટલોને નોટિસ અપાઈ.**
3. **રાજ્યમાં અલગ અલગ ડૂબી જવાની ઘટનામાં ચાર બાળકોના મોત.**
4. **રાજ્યમાં આગામી પાંચ દિવસ, ગાજવીજ સાથે વરસાદની આગાહી.**
5. **અમદાવાદ ખાતે ચાલી રહેલી વિશ્વ યોગાસન સ્પર્ધામાં ભારતે પ્રથમ દિવસે પાંચ સુવર્ણ ચંદ્રક જીત્યા.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# PM DAMAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારતીય અર્થતંત્રનો પાયો અસાધારણ રીતે મજબૂત છે. કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં 2 હજાર 970 કરોડ રૂપિયાથી વધુના વિકાસલક્ષી પ્રોજેકટના લોકાર્પણ અને ખાતમુહૂર્ત બાદ સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ કહ્યું, ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે.તેમણે કહ્યું, વૈશ્વિક આર્થિક કટોકટી છતાં ભારતે નાણાકીય વર્ષ 2025-26 માં 7.7 ટકાનો વિકાસ દર નોંધાવ્યો છે.

## (BYTE – PM FINAL-PM-DAMAN-GDP)

તેમણે કહ્યું, દમણની આ પરિયોજનાઓ ફક્ત કેન્દ્રશાસિત પ્રદેશના વિકાસને વેગ આપશે એટલું જ નહીં પરંતુ યુવાનો માટે વિશાળ નવી રોજગારીની તકો પણ પૂરી પાડશે.

## (BYTE - PM-DAMAN-PROJECTS)

પ્રધાનમંત્રીએ દમણ એરપોર્ટ પર નવા ટર્મિનલનું ઉદ્ઘાટન કર્યું અને નમો હોસ્પિટલ રાષ્ટ્રને સમર્પિત કરી હતી.આ પહેલા પ્રધાનમંત્રીએ સુરતમાં 18 હજાર કરોડ રૂપિયાથી વધુની વિવિધ માળખાગત પરિયોજનાઓનો શુભારંભ કરાવ્યો હતો.

# AHMEDABAD HOTEL CHEAKING

અમદાવાદમાં ફાયર સેફ્ટી વ્યવસ્થાઓને લઈને તંત્ર વધુ સતર્ક બન્યું છે. ગઇકાલે શહેરની વિવિધ હોટલોમાં હાથ ધરાયેલા ઓચિંતા નિરીક્ષણ અભિયાન દરમિયાન ફાયર સેફ્ટી નિયમોના પાલન અંગે ચકાસણી હાથ ધરવામાં આવી. નિરીક્ષણ દરમિયાન વિવિધ પ્રકારની ખામીઓ અને નિયમભંગને લઈને 37 હોટલોને નોટિસ આપવામાં આવી છે. તપાસ દરમિયાન સૌથી વધુ 12 નોટિસ સાઉથ ઝોનમાં આપવામાં આવી છે. આ દરમ્યાન ફાયર સેફ્ટી સંબંધિત નિયમોનું પાલન થાય તે માટે હોટલોના ફાયર ફાઈટિંગ સાધનો, ઇમરજન્સી એક્ઝિટ, ફાયર એનઓસીની સ્થિતિ તથા અન્ય સુરક્ષા વ્યવસ્થાઓની ચકાસણી કરવામાં આવી હતી. આગામી 5 દિવસ આ ઝૂબેંશ યથાવત રહેશે.

# MORBI BORDER RANGE

કચ્છ બોર્ડર રેન્જમાં હવે મોરબીનો સમાવેશ કરાયો છે ત્યારે બોર્ડર રેન્જ IG ચિરાગ કોરડિયા ગઇકાલે મોરબી પહોંચ્યા હતા. તેમણે એક વિશેષ બેઠક કરી છેલ્લા છ મહિનામાં થયેલા ગુનાઓની સમીક્ષા કરવામાં આવી. બેઠક બાદ શ્રી કોરડિયાએ પ્રતિક્રિયા આપી.

**(BYTE: CHIRAG KORADIA, IG KUTCH RANGE)**

# WORLD ENVIRONMENT DAY DISTRICT

રાજયભરમાં ગઇકાલે વિશ્વ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી. ઊર્જા તથા કાયદા મંત્રી કૌશિક વેકરિયાએ 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ અમરેલી વિધાનસભા ક્ષેત્રમાં વૃક્ષારોપણ મહાઅભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે અમરેલીના 25 ગામડામાં 51 હજાર વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવડાવ્યો હતો.

મહેસાણા જિલ્લામાં વન વિભાગ દ્વારા 1 હજાર 300 રોપાનું વાવેતર અને 2 હજાર 850નું વિતરણ કરાયું. અમરેલી ખાતે પર્યાવરણ દિવસ નિમિત્તે યોજાયેલા બીજ મેળામાં 100થી વધુ દુર્લભ પ્રજાતિઓના બીજનું પ્રદર્શન કરાયું.

ભરૂચમાં સાંસદ મનસુખ વસાવાએ રેલવે ઇન્સ્ટિટયૂટ ખાતે વૃક્ષારોપણ કર્યું. પંચમહાલના ગોધરામાં બરોડા બેન્ક દ્વારા 1 હજાર 100 રોપાનું વિતરણ કરવામાં આવ્યું. તો પાટણના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે વૃક્ષારોપણ, રોપા વિતરણ અને પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ સાથે પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી. અરવલ્લીના મોડાસામાં પર્યાવરણ સંરક્ષણ, જૈવ વૈવિધ્યનું જતન, પાણી અને જમીન સંરક્ષણ સહિતની બાબતો અંગે લોકોને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# PATAN UNI – CARBON EMISSION

પાટણ યુનિવર્સિટીમાં મોટી સંખ્યામાં વૃક્ષો ઉછેરીને વાર્ષિક 28 હજાર 932 મેટ્રિક ટન કાર્બન શોષી પર્યાવરણ રક્ષણમાં નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

તાજેતરમાં અમદાવાદની 'એક્સેલ એન્વાયરો ટેક' એજન્સી દ્વારા વર્ષ 2024-25 માટે હાથ ધરવામાં આવેલા ગ્રીન કેમ્પસ ઓડિટના સત્તાવાર અહેવાલમાં યુનિવર્સિટીની આ સિદ્ધિ સામે આવી છે.

ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટીના પટાંગણમાં વૃક્ષોની કુલ 66 પ્રજાતિઓ અને આશરે 4 હજાર 800 જેટલા પરિપક્વ વૃક્ષો ઉછરી રહ્યા છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

....................................

ડેસ્ક

# GUJCOST BURD

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા ગઇકાલે ગાંધીનગર સ્થિત ગુજકોસ્ટ કચેરી ખાતે 'બાલ ઉર્જા રક્ષક દલ' (BURD) બીજા તબક્કાની જાહેરાત કરવામાં આવી હતી. જે આ વર્ષની વૈશ્વિક થીમ: "પ્રકૃતિથી પ્રેરિત. ક્લાઈમેટ માટે. આપણા ભવિષ્ય માટે" ને અનુરૂપ છે.

મૂળભૂત રીતે પર્યાવરણના સૈદ્ધાંતિક જ્ઞાન અને પ્રાયોગિક વૈજ્ઞાનિક ઉપયોગ વચ્ચેના અંતરને દૂર કરવા માટે તૈયાર કરાયેલો આ BURD કાર્યક્રમ, ગુજરાતના વિદ્યાર્થીઓમાં ઉર્જા સંરક્ષણ અને આબોહવા પ્રત્યેની જવાબદારીની સંસ્કૃતિને પ્રોત્સાહિત કરે છે. નાણાકીય વર્ષ 2025-26માં પ્રથમ તબક્કાના સફળ અમલીકરણ બાદ, જેમાં 11 જિલ્લાઓની 270 શાળાઓ જોડાઈ હતી અને કુલ 1 લાખ 7 હજાર થી વધુ લાભાર્થીઓ સુધી પહોંચવામાં સફળતા મળી હતી, હવે બીજા તબક્કા અંતર્ગત આગામી પેઢીના "યંગ એનર્જી ગાર્ડ્સ" તૈયાર કરવાના આ મિશનને વધુ વ્યાપક બનાવવામાં આવી રહ્યું છે.

# AAKSHVANI AHMEDBAD – CCA VISIT

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં મુખ્ય લેખા નિયંત્રક - ધ્રુવ કુમાર સિંહે અને અપર સચિવ અને નાણાં સલાહકાર દીપક નારાયણે અમદાવાદ આકાશવાણીની મુલાકાત લીધી હતી.

આગામી 8 મી જૂને આકાશવણીના 90 વર્ષ પૂરા થવાના અવસરે શ્રી ધ્રુવ કુમાર સિંહે શુભેચ્છા પાઠવી હતી.

**(BYTE: DHRUV KUAMR SINH)**

નાણાં સલાહકાર દીપક નારાયણે જણાવ્યું કે, આકાશવાણીને વિકસિત ભારતના લક્ષ્યને હાંસલ કરવા આકાશવાણી કાર્યરત છે.

**(BYTE: DEEPAK NARAYAN)**

# BALKO –DUBI JAVATHI MOT

રાજકોટના ગોંડલ તાલુકાના શેમળા ગામના તળાવમાં ડૂબી જવાથી ત્રણ બાળકોના મોત થયા છે.

શેમળા ગામની સીમમાં આવેલ તળાવમાં શ્રમિક પરિવારના બાળકો રમી રહ્યા હતાં દરમ્યાન આઅ ઘટના બની હતી, ત્રણ બાળકોના ડૂબી જવાથી મોત નિપજ્યાં હતાં, જ્યારે એક બાળકને સારવાર માટે રાજકોટ ખસેડતા તેનો બચાવ થયો હતો.

અન્ય એક બનાવમાં જામનગરમાં વોટર પાર્કમાં ડૂબી જવાથી એક બાળકનું મોત થયું હતું. 7 વર્ષના બાળકનું ડૂબી જવાથી મોત થયું હતું. મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે જીજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો.

# WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ વિવિધ વિસ્તારોમાં, ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આજે ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. સાથે જ કેટલાક સ્થળોએ ભારે ગર્જના અને વીજળીના ચમકારા થવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પવનની ગતિ 40 થી 50 કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે, જેના કારણે લોકોને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગના વડા ડૉ . એ કે દાસે જણાવ્યું કે , કેરળમાં પહોંચી ચૂકેલા દક્ષિણ-પશ્ચિમ ચોમાસાના આગામી બે થી ત્રણ દિવસમાં વધુ આગળ વધવાની સંભાવના છે.

**(BYTE: DR.A.K. DAS METEOROLOGICAL DEPARTMENT HEAD)**

# WORLD YOGA CHAMPIONSHIP

અમદાવાદના એકા એરેના ખાતે ચાલી રહેલી વિશ્વ યોગાસન સ્પર્ધામાં ભારતે પ્રથમ દિવસે પાંચ સુવર્ણ ચંદ્રક જીત્યા.

સીનિયર કેટેગરીમાં પશ્ચિમ બંગાળના અભય બર્મન અને ઋતુ મોંડલએ પરંપરાગત યોગાસનમાં સુવર્ણ ચંદ્રક જીતીને ભારતના અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. સીનિયર A મહિલા કેટેગરીમાં ઋતુ ઠાકુરે જયારે સીનિયર B પુરુષ કેટેગરીમાં રોશન થાપાએ સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. તો સીનિયર B મહિલા કેટેગરીમાં જ્યોતિ દેઉરકરે સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો. બીજી તરફ સીનિયર A પુરુષ શ્રેણીમાં સુમિર ગ્નાવાલીએ કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

યજમાન ભારતે આ સ્પર્ધામાં 122 ખેલાડીઓને મેદાનમાં ઉતાર્યા છે.